# સ્થિરતા સાથે સંરક્ષણ અને વિકાસ

શ્રી. એ. ડી. શ્રોફ
પ્રમુખ : ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઇઝ

FORUM OF FREE ENTERPRISE
SOHRAB HOUSE, 235, Dr. D N ROAD, BOMBAY-1

ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઇઝ
"સોરાબ હાઉસ", ૨૩૫, ડૉ. ડી. એન. રોડ, મુંબઈ – ૧.

# સ્થિરતા સાથે સંરક્ષણ અને વિકાસ

**શ્રી. એ. ડી. શ્રોફ**

પ્રમુખ : **ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઇઝ**

"દેશની આર્થિક પરિસ્થિતિમાંનો થોડો પણ સુધારો એટલે રાષ્ટ્રીય સંપત્તિમાં વધારો: હાલની સંપત્તિની માત્ર વહેંચણીથી જનતાને કોઇ આવશ્યક ફેરફાર નજરે પડશે નહીં અને એનો અર્થ તો એક માત્ર ગરીબીની વહેંચણીનો થશે એટલે જુસ્સાભરી રાષ્ટ્રીય નીતિ તમામ માર્ગો દ્વારા ઉત્પાદનમાં સતત વધારા ભણીની હોવી જોઇએ અને સાથોસાથ તેની સમાન વહેંચણી સિદ્ધ કરવાના પગલાં લેવાવા જોઇએ." આમ ૧૯૪૮ના પ્રથમ ઔદ્યોગિક નીતિના ઠરાવે દેશ સમક્ષ **ઝડપી અને મોટા પાયા પરના આર્થિક વિકાસનું** ધ્યેય રાખ્યું હતું. ૧૯૬૨માં સામ્યવાદી ચીને ભારત

પર આક્રમણ કરતાં આમા સંરક્ષણનો વધારો થયો હતો અને ગયા વર્ષ દરમ્યાન ભાવોમાં વધારો થયો હોવાથી હવે સ્થિરતાનો પ્રશ્ન ઉભો થયો છે. આમ દેશ સમક્ષ અત્યારે તો એ પ્રશ્ન છે કે સ્થિરતા સાથે સંરક્ષણ અને વિકાસ.

ખરૂં જોતાં ચીને કરેલા આક્રમણે આપણી રાષ્ટ્રીય ભાવના પર અત્યાર સુધી યોગ્ય પ્રમાણમાં નહીં સમજાયેલી રક્ષણની અગત્યતા ઉભી કરી છે. લશ્કરી વ્યુહના ટીકાકાર એડવર્ડ મીડ અર્લે સંરક્ષણ અને અર્થવ્યવહારશાસ્ત્ર વચ્ચેનો અંદરો અંદરનો ગાઢ સંબંધ નીચે પ્રમાણે બતાવ્યો છે:

“જો જરાય શકય હોય તો ફક્ત ઘણાંજ અસલના સમાજોમાં આર્થિક સત્તા અને રાજકીય સત્તાને જુદાં પાડી શકાય. આધૂનિક સમયમાં રાષ્ટ્રીય ધોરણે રાજ્યોની રચના થતાં, પશ્ચિમની સંસ્કૃતિનો દુનિયાભરમાં ફેલાવો થતાં, ઔદ્યોગિક ક્રાંતિ અને ધીરે ધીરે રક્ષણની કળામાં પ્રગતિ થતાં, આપણે એક બાજુ વ્યાપારિક, આર્થિક અને ઔદ્યોગિક શક્તિના આંતરિક સંબંધોથી અને બીજી બાજુ રાજકિય અને લશ્કરી તાકાતથી સતત ઘેરાયેલા છીએ. આ આંતરિક સંબંધ મુત્સદ્દીગીરીના ઘણાંજ કટોકટીભર્યાં અને ગરકાવ કરે તેવા પ્રશ્નોમાંનો એક પ્રશ્ન છે. તેમાં રાષ્ટ્રની સલામતિ સંડોવાયેલી છે, અને વધારે પ્રમાણમાં વ્યકિત કઈ હદ સુધી જીંદગીનો આનંદ, સ્વતંત્રતા, મિલ્કત અને સુખ ભોગવે તે નક્કી કરે છે.”

પ્રાચીન કાળના અર્થશાસ્ત્રીઓ જેવા k આદમ સ્મિથ કે જેમણે વધારેમાં વધારે વ્યક્તિગત સાહસની હિમાયત કરી છે અને ફ્રીડરીચ લીસ્ટ કે જેઓ રાષ્ટ્રીયકરણના હિમાયતી હતા, તેઓ સુદ્ધાં રાષ્ટ્રીય બાબતોમાં સંરક્ષણની અગત્યતા પર એકમત થયા **3.** આદમ સ્મીથે જાહેર કર્યું છે કે, “સમાજને બીજા સ્વતંત્ર સમાજોની જબરજસ્તી



અને આક્રમણથી બચાવવાની સાર્વભોમ રાજ્યની પહેલી ફરજ લશ્કરી બળ વડેજ બજાવી શકાય છે” માટે “સંરક્ષણ વૈભવ કરતાં વધારે અગત્યનું છે.”

છેલ્લે હાલના રાષ્ટ્રીયકરણના હિમાયતીના આગામી પણ એકસરખી રીતે સ્પષ્ટ હતા. તેમણે અવલોકન કર્યું કે “બળ” એ મન કરતાં વધારે અગત્યનું છે, કારણ કે બળથી ઉલ્ટું એટલે કે નિર્બળતા, આપણે મેળવેલ ધનજ નહિ, પરંતુ આપણી ઉત્પાદન શકિત, આપણી સંસ્કૃતિ, આપણું સ્વાતંત્ર્ય, એટલું જ નહિ પરંતુ આપણું રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય, આપણાથી જે બળમાં ચઢીયાતા હોય તેમના હાથોમાં લઈ જાય છે.

અમેરિકન પ્રજાસત્તાકના પ્રાચીન દિવસોમાંથી સમાન દાખલો આલેખતાં ફરી આપણે જોઇએ છીએ કે એલેકઝાંડર હેમીલટન અને થોમસ જેફ્રસન જેઓ વિરૂધ્ધ મત ધરાવતા હતા તેઓ પણ સંરક્ષણની અગત્યતા પર સહમત થયા છે. હેમીલટનને મન “એક પ્રજા પોતાની નબળાઇઓથી તિરસ્કાર્ય તટસ્થ રહેવાનો હક્ક પણ ગુમાવી બેસે છે.”

ફકત તાકાત જ દેશને “શાંતિ કે યુધ્ધ, જે પ્રમાણે આપણા ન્યાયી હિતો ન્યાયના હશે તે પ્રમાણે પસંદ કરવા શકિતમાન કરશે.” “આ પ્રમાણે કર્યા સિવાય આપણે સલામત નથી” એમ જેફ્રસન કે જેમણે સાર્વત્રિક લશ્કરી તાલીમની હિમાયત કરી તેઓ હેમીલટન સાથે સહમત થયા કે રાષ્ટ્રિય એકતાને ભોગેજ લશ્કરી તાકાતની અવગણના કરી શકાય.

આપણે ભારતમાં જે દુશ્મનોનો સામનો કરી રહ્યા છીએ તે લક્ષમાં લઇને આ આંતરિક સંબંધ સમજવો જોઇએ. કારણ કે

સામ્યવાદીઓએ કલોઝવિત્ઝનું વાકય "યુધ્ધ એટલે રાજકારણનો બીજો માર્ગ શરૂ" અપનાવ્યું છે–લેનીને સ્પષ્ટ કર્યું છે કે "માર્ક્ષીસ્ટોએ હંમેશાં આ સુત્રને દરેક યુદ્ધના અર્થ માટે વ્યવહાર ઉપયોગી પાયો ગણ્યો છે."

આમ આપણા સંરક્ષણના રાજકિય, માનસિક અને આર્થિક પાયાઓ વધારે યોગ્ય શબ્દ વાપરીએ તો સલામતી ઝીણવટભર્યો અભ્યાસ અને કાળજી માગે છે. હું આર્થિક દ્રષ્ટિબિંદુ સ્થિરતા સાથે વિકાસ અંગે કહીશ.

૧૯૬૪માં આર્થિક ક્ષેત્રે મહત્વનું અંગ ભાવોમાંનો સતત વધારો રહ્યો છે. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની તપાસમાં બતાવાયું છે કે ૧૯૬૪ના સપ્ટેમ્બરની ૪થીએ પૂરા થયેલા સમય માટેનો આ ભાવોમાંનો ૧૪ ટકાનો વધારો બીજા વિશ્વયુદ્ધ પછી કોઇ પણ બાર મહિનાના સમય માટે સૌથી વધારે છે. અનાજના ભાવોમાં ૨૩.૬ ટકાનો, ઔદ્યોગિક કાચી ચીજોમાં ૨૧.૯ ટકાનો અને ઉત્પાદિત ચીજોના ભાવોમાં ૪.૭ ટકાનો વધારો થયો છે. પણ સામાન્ય માનવી પર ભાવ વધારાની કેવી અસર થઇ છે તેનો ખ્યાલ મેળવવા માંટે આપણે અનાજના ભાવોમાંના વધારા પ્રત્યે નજર કરવી જોઇએ. ઘઉંમાં ૫૧.૭ ટકાનો, ચોખામાં ૧૧ ટકાનો, ચણામાં ૧૦૮ ટકાનો, શીંગદાણામાં ૩૮.૮ ટકાનો વધારો થયો છે. આ બાબતની એ હકીકત ખ્યાલમાં રાખીને વિચારણા કરવી જોઇએ કે મધ્યમ વર્ગના લોકો પોતાની આવકના ૪૦થી વધારે ટકા અનાજ પાછળ ખર્ચે છે અને એથી ઓછી આવકવાળા લોકો તો એથી પણ વધુ ખર્ચે છે.

આ ભાવ વધારાને વેપારીઓ અને અથવા ઉત્પાદકો દ્વારા સંગ્રહખોરી અને નફાખોરી તરીકે હસી કઢાય નહીં એમાં શંકા નથી. સમાજ વિરોધી તત્વો દ્વારા થોડી સંગ્રહખોરી અને નફાખોરી



છે જ. જેમાં સમાજના બીજા ભાગોની જેમ કુદરતી રીતે જ વેપારી આલમનો હિસ્સો રહેલો છે પણ આવા સંગ્રહખોરી અને નફાખોરી એ પણ ઊંડા આર્થિક અનિષ્ટોનું પરિણામ છે. શાકભાજી જેવી જલ્દી નાશ પામે તેવી ચીજોના ભાવોમાં વધારો થયો છે એ હકીકત જ બતાવે છે કે ભાવ વધારો સામાન્ય છે અને અર્થતંત્રને અસર કરતાં કોઇ મૂળભૂત અનિષ્ટમાંથી જન્મેલો છે. હકીકતમાં તો હાલનો ભાવોમાંનો વધારો છેલ્લાં થોડાં વર્ષોથી અમલમાં મૂકાઇ રહેલી આર્થિક નીતિઓનું સહિયારૂં પરિણામ છે. ભાવ વધારા માટેના કારણો સમજવા માટે આ નીતિઓનું પૃથક્કરણ કરવું જોઇએ અને અનિવાર્ય આર્થિક કાયદાઓની એરણ પર એની કસોટી કરવી જોઇએ.

દેશના અર્થતંત્ર પર ૧૯૫૧ થી પંચવર્ષિય યોજનાઓનું વર્ચસ્વ રહ્યું છે. પ્રથમ પંચવર્ષિય યોજના એ માત્ર યોજનાઓનો શંભુ-મેળો હતો જેમાંની કેટલીક તો ૧૯૫૧ પહેલાં શરૂ કરવામાં આવી હતી. પણ એથી અર્થતંત્રને વિકાસની ભાવના અને દિશાસૂચન મળ્યાં હતાં. બીજી અને ત્રીજી પંચવર્ષિય યોજનાઓ આદર્શવાદી વિચારણાઓ પર નિર્ભર હતી. આ યોજનાઓ ઘડી કાઢવામાં રશિયાની આયોજન પદ્ધતિઓનો ઉપયોગ કરાયો હતો.

આયોજનના રશિયન નમૂનાની એક ખાસિયત એ છે કે જે "ભૌતિક આયોજન"ના નામે ઓળખાય છે. સાધન સંપત્તિ મળશે કે કેમ એની વિચારણા કર્યા પહેલાં આયોજનના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. અણવિકસિત દેશની જરૂરિયાતો અમર્યાદિત હોય છે એટલે કુદરતી રીતે જ લક્ષ્યાંકો દેશની બચત કરવાની શક્તિ બહારના પૂરવાર થાય છે અને આમ લક્ષ્યાંકો અને સાધન સંપત્તિઓ વચ્ચે મોટો ગાળો રહે છે. સમાજની **ખરેખરી બચતોમાંથી** જ મૂડીનું રોકાણ કરાય તો જ દુઃખ અને યાતનાઓ વગર આર્થિક વિકાસ સિદ્ધ કરી શકાય. સરકારને કરવેરા, જાહેર લોનો

રાજ્યની વેપારી પેઢીઓની આવકો અને છેલ્લે વિદેશી સહાયમાંથી પ્રમાણિક બચતનું નાણું મળી રહે છે. હકીકતમાં તો વિદેશી સહાય પણ બીજા લોકોની બચતજ છે. આ **ખરેખરી બચતો**ના સાધનો જ્યારે ખલાસ થઇ જાય છે ત્યારે ભૌતિક આયોજન હેઠળ સરકાર ખાધના અર્થતંત્રનો આશરો લે છે. સાદી ભાષામાં કહીએ તો આનો અર્થ એ કે સરકારી બીલો ચૂકવવા માટે ચલણી નોટો છાપવામાં આવે છે. ભારતમાં આયોજનનો પ્રારંભ થયો ત્યારથી જ એટલે કે તેર વર્ષમાં ખાધનું અર્થતંત્ર રૂ. ૧૯ અબજ ૬૦ કરોડનું થયું છે. જો કે ત્રીજી યોજના માટે રૂ. ૫ અબજ ૫૦ કરોડની મર્યાદા નક્કી કરાઇ હતી પરંતુ ભૌતિક આયોજનની ફરજોએ આ યોજનાના પહેલા ત્રણ વર્ષોમાં જ રૂ. ૬ અબજ ૭૪ કરોડનું ખાધનું અર્થતંત્ર કરવાની ફરજ પાડી છે, આને પરિણામે નાણાંનો પૂરવઠો જે ૧૯૫૫–૫૬ માં રૂ. ૨૨ અબજ ૧૬ કરોડનો હતો તે વધીને ૧૯૬૦–૬૧ માં રૂ. ૨૮ અબજ ૬૮ કરોડ થયો હતો અને હવે ૧૯૬૪ના નવેમ્બરમાં રૂ. ૩૭ અબજને પણ પહોંચી ગયો છે.

નાણાંના પૂરવઠામાંનો આ વધારો ભાવ વધારાનું મૂળભૂત કારણ છે. એ યાદ રાખવું જોઇએ કે, દેશમાં ઉત્પન્ન કરાતા માલ અને સેવાઓના વહેતા પ્રવાહનું પ્રતિનિધિત્વ ધરાવે ત્યાં સુધી જ નાણાંની કિંમત છે. મહાન રોમન શહેનશાહ હેડ્રીયને સદીઓ પહેલાં જે કાંઇ કહ્યું હતું તે આજે પણ સાચું છે: “સૈકાથી આપણું ચલણ ગંભીર રીતે દબાયેલું રહ્યું છે; આપણા સોનાના ટુકડાઓના વિનિમયના ભાવ દ્વારા રોમનું ભાવિ નક્કી થાય છે; **તે ટુકડાઓને કાચી ચીજોની બાબતમાં ખરી કિંમત આપવી અને નક્કર વજન આપવાની આપણી ફરજ છે.**”

આજે, આપણા દેશની સેન્ટ્રલ બેંક આ આર્થિક હકીકતને અર્થશાસ્ત્રીઓની ટેકનીકલ ભાષામાં આ પ્રમાણે મૂકે છે: “ભાવોમાંનો



આ ઝડપી વધારો અર્થતંત્રમાં વિકાસનો દર અને ખરેખર ઉત્પાદનનો વધારો તેમજ નાણાના પૂરવઠામાંના વધારા વચ્ચેની અસમાનતાનું પ્રતિબિંબ પાડે છે.

ભાવોની પરિસ્થિતિને વધુ ગંભીર બનાવનાર રશિયાના આયોજનનો એક બીજો નમૂનો ભારે ઉદ્યોગો પર મૂકાતો ભાર છે અને પરિણામે ખેતીવાડી અને વપરાશની ચીજોની અવગણના છે. હાલની અનાજની કટોકટી એ ભારતની પાયાની અસ્કયામત જેવી ખેતીવાડીની વર્ષોથી થઇ રહેલી અવગણના અને આદર્શવાદી જમીન સુધારાઓની પ્રતિકૂળ અસરનું પરિણામ છે. સત્તાવાળાઓ પ્રતિષ્ઠારૂપ ભારે ઉદ્યોગની પાછળ લાગેલા હતાં ત્યારે ખેતીવાડી વિભાગની થયેલી અવગણનાની ઉત્તમ રજુઆત ભારત સરકારના ખેતી સંરક્ષણ સલાહકારના નિવેદન દ્વારા કરાઇ છે. એ નિવેદનમાં જણાવાયું હતું કે જીવાત પડતા અને ઉભા પાક પર પક્ષીઓ પડતાં વિગેરે દ્વારા દર વર્ષે દેશમાં રૂ. ૧૦ અબજનો પાક ગુમાવવામાં આવે છે. સામ્યવાદી ચીને પણ કડવા અનુભવ પછી ૧૯૬૦–૬૩ વચ્ચે ૧ કરોડ ૧૦ લાખ ટન ઘઉંની આયાત કર્યા પછી ભારે ઉદ્યોગો પરથી ખેતીવાડી પર ભાર મૂકવાનું પુનઃ શરૂ કર્યું છે. ઉત્પાદનના મોરચા પરની અનાજની કટોકટી બજારની સામાન્ય વ્યવસ્થા ખોરવાઇ જતાં વહેંચણીના મોરચે પણ છવાઇ ગઇ. સરકાર દ્વારા અનાજનો વેપાર એ બાબતને વારંવાર આ કટોકટીના ઉપચાર તરીકે ઓળખાવામાં આવે છે. પણ રાજ્ય હસ્તકના વેપારનો અનુભવ તેના ધાર્યા પરિ-પરિણામનો ખ્યાલ આપતો નથી. ૧૯૬૪ માટેના ઓડિટ હેવાલ મુજબ, ૧૯૪૩–૪૪ અને ૧૯૬૨–૬૩ વચ્ચે સરકાર દ્વારા અનાજના વેપારમાં કુલ ખોટ રૂ. ૧ અબજ ૩૧ કરોડથી પણ વધારે થઇ હતી. એક અખબારી હેવાલ મુજબ એક માત્ર પૂર્વ વિભાગમાં જ બીન-કાર્યક્ષમતા, ગેરરીતિઓ વગેરેને લીધે ત્રણ વર્ષના સમયમાં કેન્દ્ર

સરકારનાં ગોદામોમાંથી રૂા. ૧ લાખ ૫૬ હજારથી વધુ કિંમતનું અનાજ ઉપડી ગયું હતું.

રશિયન નમૂનાના આયોજનનું એક બીજું અંગ એ જાહેર વિભાગનું વિસ્તરણ છે. આ વિભાગનું હેતુલક્ષી અવલોકન બતાવે છે કે સાધન સંપત્તિ, જનતાના ખીસામાં આવી હોય એને જાહેર વિભાગ તરફ વાળવામાં આવી છે કે જયાં વળતર નિરાશાજનક છે. આમ એક બાજુ નાણાંનો પૂરવઠો અને બીજી બાજુ માલ અને સેવા વચ્ચેની અસમાનતા વધી છે.

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર–જનરલ દ્વારા સંસદમા રજૂ થયેલા હેવાલમાં જણાવાયું છે કે સતત બીજે વર્ષે પણ આ વિભાગમાં ખોટ આવી હતી. ૧૯૬૨–૬૩માં કેન્દ્ર સરકારની ૪૬ કંપનીઓમાં કરાયેલા રૂા. ૧૨ અબજ ૯૪ કરોડ ૧૧ લાખની મૂડીના રોકાણ પર રૂા. ૧૨ કરોડ ૩૮ લાખનું નુકશાન થયું હતું. એના અગાઉના વર્ષોમાં રૂા. ૧૦ અબજ ૯૦ કરોડ ૭૫ લાખની રોકાયેલી મૂડી પર રૂા. ૧૦ કરોડ ૬૦ લાખનું નુકશાન થયું હતું. આમ બે વર્ષમાં, આયોજન પંચના નાયબ પ્રમુખ દ્વારા સૂચવાયેલા ૧૦ ટકાના નફાની ફોર્મ્યુલા મુજબ રૂા. ૨ અબજ ૪૦ કરોડની કમાણી કરવાને બદલે ભારતની જનતા પર રૂા. ૨ અબજ ૬૩ કરોડનો આડકતરો વેરો પડયો હતો. એ વિભાગમાં હિન્દુસ્તાન મશીન ટુલ્સ એક માત્ર કાર્યક્ષમતાથી ચલાવવામાં આવે છે અને નફો કરતી સંસ્થા છે એવું જણાતાં કેન્દ્રના નાણાં ખાતાને જાહેર વિભાગની કંપનીઓના કામકાજમાં તપાસ કરવાનો હુકમ કરવો પડયો હતો, એ બાબત આશ્ચર્યકારક નથી. મૈસુરની સરકારને તાજેતરમાં હિન્દુસ્તાન એરક્રાફ્ટમાંથી રૂા. ૬૭ લાખની રકમ પાછી ખેંચી લેવાની પરવાનગી મળી હતી. આનું કારણ એ હતું કે કરાયેલાં રોકાણ પર કોઇ



વળતર મળતું ન હતું. કેન્દ્ર અને રાજ્યોની સરકારોના કેટલાક જાહેર સાહસોનું ટૂંકમાં અવલોકન સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે.

૧૯૬૪ના ઓડીટ (વેપારી) હેવાલમાં જણાવાયું હતું 3 અશોક હોટેલના બાંધકામ માટેનું નીચામાં નીચું ટેન્ડર ન સ્વીકારાતા આખરી ખર્ચમાં અંદાજે રૂા. ૩ લાખ ૨૬ હજારનો વધુ ખર્ચ થયો હતો. પ્રાગ ટુલ્સ કોર્પોરેશનમાં ખોટા અંદાજો, નબળી કામગીરી અને વધુ પડતા મજૂરોને લીધે વેચાણ કિંમતો કરતાં ઉત્પાદન ખર્ચ વધી જતાં ભારે નુકશાન સહન કરવું પડયું હતું. વળી કુલ રૂા. ૮૯ લાખ ૬૯ હજારની (મૂળ કિંમત) યંત્ર સામગ્રીમાંથી ૧૯૬૩ના ૩૧મી માર્ચના રોજ રૂા. ૪૭ લાખ ૧૫ હજારની યંત્ર સામગ્રી એટલે 3 ૫૪ ટકા વધુ પડતી હતી. ઓડિટર–જનરલે ટીકા કરતાં જણાવ્યું છે કે: "નાણા રોકાઇ જવાં અને એને પરિણામે વ્યાજને થતાં નુકશાનને એક બાજુએ રાખીએ તો પણ આવી યંત્ર સામગ્રી સમય જતાં બગડવાની અને નકામી થઇ જવાની શકયતા છે.

હેવી ઇલેકટ્રીકલ્સમાં ૧૯૬૧ના ઓડિટ રિપોર્ટમાં તેમજ લોકસભાની જાહેર હિસાબ સમિતિના હેવાલમાં સલાહકારોને કરાયેલી t હજાર પાઉન્ડની વધુ પડતી ચૂકવણીની ટીકા કરાઇ છે. ૧૯૬૪ના જાન્યુઆરીમાં એ ખાતાની ખોવાયેલી ફાઇલ હજી સુધી જડી નથી. વળી એક બીજી ૨૦ હજાર પાઉન્ડની વધુ પડતી ચૂકવણીનો કિસ્સો પણ ધ્યાનમાં આવ્યો છે–ઉત્પાદનને લાગેવળગે છે ત્યાં સુધી એક પાળીની ભૂમિકા પર યોજનાના હેવાલમાં નક્કી કરાયેલું લક્ષ્યાંક અને તબક્કાવારના કાર્યક્રમ હેઠળનું ઉત્પાદન કંપની દ્વારા બે પાળીથી પણ સિદ્ધ કરી શકાયું dell. ૧૯૬૨–૬૩માં આ ઉત્પાદન ૨૪ ટકા ઓછું હતું અને તે પણ યોજનાના હેવાલમાં કરાયેલી ભલામણ કરતાં સ્ટાફ ૮૦ ટકા વધારે હતો, એ હકીકત છતાં આમ થયું હતું. ૧૯૬૦–૬૩ વચ્ચે કુલ ખોટ રૂા. ૬ કરોડ ૧૫ લાખ ૬૦ હજારની થઇ હતી.

કલકત્તા બંદરના સત્તાવાળાઓને ભાડુ તેમજ દંડ પેટે રૂા. ૩૬ લાખ ૨૬ હજાર ચૂકવવા પડ્યા હતા. ૧૯૬૨–૬૩માં નહાન ફાઉન્ડ્રીમાં રૂા. ૫ લાખનું અને તેને લીધે ભાવિમાં રૂા. ૧૫ લાખનું નુકશાન થયું હતું. આના કારણો "ગેરવ્યવસ્થા અને બીનકાર્યક્ષમતા" જણાવાયા હતાં. તેલ અને કુદરતી ગેસ પંચના વાર્ષિક ઓડીટમાં નાણાંકિય તેમજ વહીવટની બાબતમાં ગંભીર અનિયમિતતાઓ અને ગોટાળાઓ બહાર આવ્યા હતા. પરિણામે ભારે ખોટ ગઇ હતી. દાખલા તરીકે ૧૯૬૩ના ડીસેમ્બરની ૩૧મીએ રૂા. ૧૦ કરોડની કિંમતના માલનો હિસાબ જ મળતો ન હતો.

બદલીની શરતો માટે જાહેર ક્ષેત્રના બે સાહસો "ધી હિંદુસ્તાન સ્ટીલ" અને ફર્ટીલાઇઝર કોરપોરેશન ઓફ ઇન્ડીયા વચ્ચે મતભેદ ઉભો થતાં, અન્ન ઉત્પાદનના વધારા માટે દેશને તાત્કાલીક જેની જરૂરિયાત છે તે ખાતર રુરકેલામાં આવેલા કારખાનાએ પૂરતા જથ્થામાં ઉત્પન્ન કર્યું નહિ. ફેબ્રુઆરી, ૧૯૬૪માં અંદાજીત ઉત્પાદન ૧/૪ ગણું નીચે ગયું, લાકડાની સલેપાટો સસ્તે દરે આયાત કરી શકાય છે એમ જણાતા લોખંડની સલેપાટોની આયાત બંધ કરવાનો નિર્ણય લેવાતાં ભારતીય રેલ્વેને નહિ વપરાયેલા છુટ્ટા લોખંડના જો થી ૪૦ લાખ રૂપિયાની ખોટ ગઇ.

રાજ્ય સરકારો દ્વારા ચલાવાતા જાહેર સાહસોની પરિસ્થિતિ તો એથી વધુ ગંભીર છે. થોડા જ દાખલા રજુ કરીએ: મદ્રાસ ડેરી એન્ડ મીલ્ક પ્રોજેકટ દ્વારા ૧૯૫૯–૬૦ થી જે એકધારી વધુ ને વધુ ખોટ થતી આવતી હતી તેનાથી મદ્રાસ વિધાનસભાની અંદાજ સમિતિ ચોંકી ગઇ હતી. મહારાષ્ટ્ર જાહેર હિસાબ સમિતિ (૧૯૬૧–૬૨નો હેવાલ) એ નાગપુર દૂધ પૂરવઠા યોજના અંગે નીચે મુજબ ટીકા કરી હતી: એ સ્પષ્ટ છે કે સરકાર દ્વારા યોજનાનો સ્વીકાર થયો તે પહેલાં યોજના ઘડવા અંગે તેમજ તેના અમલ અંગે



યોગ્ય વિચારણા થઇ જ ન હતી." શહેરને ૧૦૮૦ મણ દૂધ પૂરૂં પાડવાનું લક્ષ્યાંક ચારથી પાંચ વર્ષમાં સિદ્ધ કરવાનું હતું પણ હવે ૧૦ થી ૧૫ વર્ષ લાગે તેમ છે. મધ્ય પ્રદેશ સરકારે ૧૯૬૪માં પાંચ ડેરી ફાર્મ્સ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આના પર લગભગ રૂા. ૩૫ લાખનો ખર્ચ કરાયો હતો. બંધ કરવાનું કારણ એ હતું કે એમાંના માત્ર એકે રૂા. ૫૮૪ નો નફો કર્યો હતો જ્યારે બાકીના પર રૂા. ૧,૦૦,૧૩૨ નું નુકશાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં સરકારના ૧૨ યાંત્રિક ફાર્મમાં છેલ્લાં ૧૫ વર્ષોમાં રૂા ૮૧ લાખ ૫૯ હજારનું નુકશાન થયું હતું. રાજસ્થાન વિધાનસભાની અંદાજ સમિતિએ તેના ૧૫મા હેવાલમાં જાહેર વિભાગની "કમનસીબ" અવગણના માટે સરકારને ઠપકો આપ્યો હતો. સમિતિએ જણાવ્યું હતું કે, "સરકાર દ્વારા ચલાવાતાં તમામ ઉદ્યોગો અને કંપનીઓમાં માત્ર બગાડ, ભારે નુકશાન અને ગેરવ્યવસ્થા w છે."

પશ્ચિમ બંગાળના, ૧૯t૩ના હિસાબની તપાસના અહેવાલમાં, સ્ટેટ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટને તેની કોલસો ઉત્પાદન કરવાની યોજનામાં રૂા. t લાખની ખોટ ગયાના દાખલાઓ નોંધ્યા **3.** ઓરિસ્સાની &M-સભાની રાજ્યના સાહસોની તપાસ કરવા માટે નીમાયેલી એક ખાસ સમિતિએ શોધી કાઢ્યું હતું કે થોડીક પાયલટ યોજનાના એકમો, જેમાં ખાનગી માલીકો વ્યવસ્થાપકો હતા અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ સિવાય બાકીની બધી યોજનાઓ આર્થિક કટોકટીમાં હતી. હકીકતમાં પાયલટ પ્રોજેકટ યોજના નીચે ૪૦ કંપનીઓમાંથી પાંચ કંપનીઓ ફડચામાં હતી. રાજ્યના ઓડીટ અહેવાલમાં (૧૯૬૪) જણાવ્યું હતું કે રાજ્યના છ સાહસોના ૧૯૬૦–૬૧ના, ચારના ૧૯૬૧–૬૨ના અને ૨૩ ના હિસાબો સપ્ટેમ્બર, ૧૯૬૩ના અંત સુધી મળ્યા ન હતા. અને કંપનીના કાયદા પ્રમાણે તેઓએ વાર્ષિક સભા પણ ભરી ન હતી. આ અનુભવ છતાં, જાહેર સાહસના વિસ્તરણનો ઉત્સાહ ચાલુ રહ્યો, અને ૧૯૬૪ના સપ્ટેમ્બરમાં જણાવાયું કે પ્રાથમિક

જરૂરીયાતો અને સાધનોની પ્રાપ્તિ પર રૂા. ૨૭,૦૯,૦૦૦ નો એક કારખાના માટે ખર્ચ કરી, ઓરિસ્સાની સરકારે તે બંધ કર્યું હતું.

જનતાના પ્રબળ વાંધાથી એ ખામીવાળા પાઠ્યપુસ્તકો પાછાં ખેંચાયાં અને મહારાષ્ટ્રની તીજોરીને રૂા. ૭,૩૧,૦૦૦ ની ખોટ ગઈ. જો કે શિક્ષણ પ્રધાને પાઠ્ય પુસ્તકોમાં મોટી ભૂલો જેવી કે અધૂરી અને ખોટી માહિતી, ખોટા નકશાઓ અને થોડીક ગૂંચવણભરી હકીકતો, અને રાજ્યે-બહાર પાડવાના પાઠ્યપુસ્તકોના નક્કી કરેલા ધોરણ સુધીના ન હોવાનું કબુલ્યું, છતાં એ સરકાર તેની પાઠ્ય પુસ્તકો બહાર પાડવાના ઇજારાની નીતિને વળગી રહેવામાં મક્કમ હતી.

માયસોર સરકાર સંચાલીત સાયકલના કારખાનાએ થોડા વર્ષો પૂર્વે સારાયે દેશનું ધ્યાન ખેંચ્યું હતું, કારણ કે તેણે દેશમાં મોંઘામાં મોંઘી સાયકલોનું ઉત્પાદન કર્યું હતું. ૧૯૬૪ના હિસાબી અહેવાલમાં પ્રગટ થયું હતું કે, ૧૯૫૯-૬૦ અને ૧૯૬૨-૬૩ વચ્ચે ૩૨૨ સાયકલો એટલે ઉત્પાદન શક્તિના ૧.૮ ટકા જેટલું ઉત્પાદન થયુ હતું, જ્યારે ખર્ચ રૂા. ૭ લાખ ૭ હજારનો થયો હતો. આમ કારખાનું હિસાબ જાળવી શક્યું હતું.

સીમેન્ટમાં નફાખોરી કરવા માટે જનતા અને સંસદની અંદાજ સમિતિઓની કડક ટીકાનો ભોગ બનનાર સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન પણ પ્રતિકૂળ રીતે ધ્યાન દોરી રહી છે. ૧૯૬૨-૬૩ માં શીંગતેલ અને શીંગખોળની નિકાસ દ્વારા રૂા. ૩ કરોડ ૪૪ લાખનું વિદેશી હૂંડિયામણ કમાવવામાં રૂા. ૨ કરોડ ૧૩ લાખની ભારે ખોટ કરવા માટે ૧૯૬૪ના માર્ચ સંસદની અંદાજ સમિતિએ ફરી ઠપકો આપ્યો હતો, અને આ સોદામાં તપાસ કરવાનો સમિતિએ અનુરોધ કર્યો હતો. ૧૯૬૩ ના ડીસેમ્બરમાં લેમનગ્રાસ તેલની નિકાશમાં સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશને, એક કરોડનો વણ વેચાયેલો માલ પડી રહેતાં કરેલાં



છબરડાં બહાર આવ્યા હતા. એમ પણ જણાયું હતું કે એસટીસીએ રૂા. ૩ લાખની કિંમતની સોપારીની આયાતમાં રૂા. ૫ લાખ ૨૮ હજારનો ગેરવાજબી નફો કર્યો હતો. એ જાણીને દુઃખ થાય છે કે, વિદેશી હૂંડિયામણ કમાવવાની આતુરતા પાછળ એસટીસી બ્રહ્મદેશ ખાતે મોટા પાયા પર શીંગતેલ નિકાશ કરે છે. જો કે એ જાણીતું છે કે ત્યાંથી આ તેલ સામ્યવાદી ચીનમાં પુનઃનિકાશ કરાય છે. આ હકીકતની જાહેરાત કરતા મુંબઇના અનાજ, ચોખા અને તેલીબિયાંના વેપારીઓના મંડળના ઉપ-પ્રમુખ શ્રી દેવજી રતનશીએ ૧૯૬૪માં જણાવ્યું હતું કે, "આમ આપણે, આપણા જ દુશ્મનોને ખવડાવીએ છીએ."

જાહેર વિભાગના સાહસોમાં બગાડ અને ગેરવ્યવસ્થા એ એક માત્ર તેની ખામીઓ નથી એનો ભાગ્યે જ ખ્યાલ આવે છે. જ્યારે આવા સાહસો ઇજારાના રૂપમાં હોય છે ત્યારે અર્થતંત્રની આડકતરી ખાધ ભારે હોય છે અને વાપરનારાઓનું શોષણ વાસ્તવિક બને છે. દાખલા તરીકે ઇન્ડિયન એર લાઇન્સ કોર્પોરેશન દ્વારા દોડાવાતા વિમાનોના ઉપડવાના અને આવવાના સમયમાં થતા ભારે વિલંબ અને અવારનવાર રદ્દ કરાતા ઉડ્ડયન ભારતના સરળ આર્થિક જીવન સામે અવરોધો ઉભા કરે છે. આને લીધે પ્રવાસીઓની આવકમાં આવતી ખાધ જાણીતી છે. એક વિધવાએ કરેલી અપીલનો ચુકાદો આપતા મદ્રાસની વડી અદાલતે એ બાબતને વખોડી કાઢી હતી કે, લાઇફ ઇન્સ્યુરન્સ કોર્પોરેશન દાવાઓનો પ્રતિકાર કરવા નજીવી વિનંતિઓ અને પાયા વગરના આક્ષેપો પર એક સામાન્ય માણસ કેસ લડે તેમ લડી રહી છે."

ખાનગી સાહસોનું રાષ્ટ્રિયકરણ કરીને જ્યારે જાહેર વિભાગનું વિસ્તરણ કરાય છે ત્યારે તમામ આર્થિક વિચારણાઓ એક બાજુ રહે છે અને રાજદ્વારી વિચારણાઓનો એક વધારાનો ભય જાગે છે.

આંધ્રપ્રદેશના કૂરનૂલમાં બસ વહેવારના રાષ્ટ્રીયકરણના કેસમાં સર્વોચ્ચ અદાલતે ૧૯૬૪ના જાન્યુઆરીના તેના ચુકાદામાં જણાવ્યું હતું કે, ''અમને કહેવાની ફરજ પડે છે કે, અરજદારો (ખાનગી માલિકો) સામે મુખ્ય પ્રધાનને પૂર્વગ્રહ છે અને અંગત વેરઝેર છે એ આક્ષેપોનો રદિયો અપાયો નથી.'' જાહેર વિભાગ પરની ચર્ચા તેની માણસો પ્રત્યેની નીતિના ઉલ્લેખ વગર પૂરી થઇ શકે નહીં. આ નીતિ એ ગંભીર ચિંતાની બાબત છે કારણ કે તેની માનવ કલ્યાણ અને ઉત્પાદન બંને પર અસર થાય છે. દાખલા તરીકે સિંદ્રી ફર્ટીલાઇઝર ફેક્ટરીમાંની તાજેતરની હડતાળને લીધે રૂ. ૫૪ લાખનાં ઉત્પાદનનું નુકશાન થયું હતું. હિન્દુસ્તાન એન્ટીબાયોટીક્સના કર્મચારીઓ અને વ્યવસ્થાપકો વચ્ચે છેલ્લાં કેટલાક વર્ષથી જેને કેન્દ્રના પેટ્રોલ અને રસાયણોના પ્રધાને ગેરસમજુતિનું પ્રકરણ ઓળખાવ્યું છે તેનાથી વારંવાર ઝઘડાઓ ઉપસ્થિત થયાં છે. ૧૯૬૪માં સાત દિવસની હડતાળથી રૂ. ૮ લાખનું નુકશાન થયું હતું.

આદર્શવાદી ભૂમિકા ઉપર જાહેર વિભાગ પ્રત્યેની દુશ્મનાવટ માટે જેના પર આક્ષેપો ન કરી શકાય એવા મજૂર નેતાઓના મંતવ્યો રસપ્રદ છે. ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના મંત્રી શ્રી સતીશ લૂમ્બાએ સામ્યવાદી પક્ષના સત્તાવાર પત્ર ''ન્યુ એઇજ''માં નીચે મુજબ લખ્યું હતું :–

> ''કેટલાક પ્રશ્નો જાહેર વિભાગ માટે ખૂબ જ વિચિત્ર છે. જેને લીધે સહેલાઇથી કિન્નાખોરી થાય છે એ તમામ કર્મચારીઓની પોલીસ દ્વારા તપાસ જાહેર વિભાગમાંની ખૂબ જ વાંધાભરી પદ્ધતિ છે એ જવી જ જોઇએ. ઘણાં સાહસો નવા સ્થળોમાં આવેલા છે કે જે રહેઠાણ અને વાહનવહેવારના પ્રશ્નો ઉપસ્થિત કરે છે. સ્ટેન્ડીંગ ઓર્ડર, રજાના કાનૂનો, બઢતીની નીતિ વગેરે



> બાબતોમાં હજુ અંધાધૂંધી પ્રવર્તે છે. આ ઉપરાંત દરજ્જાનો પ્રશ્ન તો છે જ : જાહેર વિભાગમાં ઘણા કામદારોને ઔદ્યોગિક કામદારો તરીકે સ્વીકારવામાં આવતા નથી પણ સરકારી નોકરો જેવો વર્તાવ રખાય છે. આમ ઔદ્યોગિક કામદારોના તેમના ઘણા હકો છીનવી લેવાય છે.
>
> ''ઝઘડાઓના સમાધાનનો પ્રશ્ન એ પણ એક બીજો ઝઘડાનો મુદ્દો છે. જાહેર વિભાગમાં ભાગ્યે જ લવાદનો સ્વીકાર થાય છે. વળી લવાદીને ઝઘડો સોંપવાની બાબત સિદ્ધ કરવાનું પણ મુશ્કેલ હોય છે. નોકરશાહી-વ્યવસ્થા તંત્ર, ઝઘડામાં અનેક ખાતાંઓ સંડોવાયેલા હોય, પ્રતિનિધિત્વ મંડળોની સ્વીકૃતિ ન થઇ હોય આ બધાંને લીધે ઝઘડાંના સમાધાનની શકયતા ખૂબ જ ઓછી હોય છે.
>
> ''આમ કામદારોને શાંતિથી સહન કરતાં જ રહેવું પડે છે અથવા તો ધીરજનો અંત આવે છે ત્યારે કોઇ પગલું લેવું પડે છે. સામાન્ય રીતે કોઇ પણ ફરિયાદની, વિચારણા માટે એતમાં રહેલું વ્યવસ્થા તંત્ર, પોતાના હકોના રક્ષણ માટે કામદારો દ્વારા કોઇ પણ પગલું લેવાના કરાંતા પ્રયાસ સામે તૂટી પડે છે. હેવી ઇલેક્ટ્રીકલ્સ–ભોપાલમાં તાજેતરમાં આમ જ બન્યું છે. વાસ્તવિક મજૂરનીતિ અખત્યાર કરવામાં નહીં આવે ત્યાં સુધી જાહેર ક્ષેત્રના સાહસોમાં ઔદ્યોગિક સંબંધો ખૂબ જ સારા રહેવાની કોઇ જ શક્યતા નથી.''

સમાજવાદી મજૂર નેતા શ્રી. જ્યોર્જ ફર્નાન્ડિસે ૧૯૬૪ના જાન્યુઆરીમાં મુંબઇમાં કહ્યું હતું કે કેન્દ્ર સરકાર એ માત્ર સૌથી મોટો માલિક નહીં પણ હલકટ માલિક પણ છે.

હેવી એન્જિનીયરીંગ કોર્પોરેશન પરનો સંસદીય અંદાજ સમિતિનો હેવાલ અને તપાસ કરનાર સરકારી અધિકારીનો હેવાલ આ મંતવ્યોને દસ્તાવેજી પુરાવા સાથે સમર્થન આપે છે. અંદાજ સમિતિએ નોંધ કરી હતી કે આવા સાહસોના પ્રમુખપદે ખાતાના મંત્રીઓ ન હોવા જોઇએ એવી સંસદની ઇચ્છાઓની જાહેર વિભાગની કંપનીઓ ખૂલ્લી અવગણના કરી રહી છે. સંસદને અંધારામાં રખાય છે એવી વારંવાર કરાતી ફરિયાદ ફરીવાર કરવામાં આવી છે. સમિતિએ દુઃખ સાથે નોંધ લીધી હતી કે અનેકવાર કાગળો લખ્યા હોવા છતાં ૧૯૬૩ના ૭મી સપ્ટેમ્બરના લખેલા પ્રશ્નો માટે મંગાયેલી માહિતી ગાર્ડન રીસર્ચ વર્કશોપ લિમિટેડ તરફથી હજૂ સુધી મળી નથી. તેમજ એ જોઇતી માહિતી પૂરી પાડવાની તેમની અશક્તિ માટેનું કોઇ કારણ તેમણે જણાવ્યું નથી.

સમિતિએ જણાવ્યું છે કે જાહેર સંસ્થાઓમાં કર્મચારીઓ વધુ પડતા જ હોય છે. પોલાદના ત્રણ કારખાનાઓમાં જ યોજનાના ૧૮૬૬૬ના અંદાજોની સામે ૧૯૬૩ના ડીસેમ્બરની ૩૦મીએ ૫૦૮૧૪ માણસો હતાં. આમ ૩૨૧૪૮ માણસો વધારે હતાં. કેટલીક ચોંકાવનારી વિગતો સમિતિએ બહાર પાડી છે જે નીચે મુજબ છે: ૧૯ કંપનીઓ—જેમાંની કેટલીક ૧૯૫૨ અને ૧૯૫૪માં શરૂ કરાઇ છે—માં હજુ સુધી નોકરીની શરતો કે નિયમો નક્કી કરાયાં નથી; કેટલીક કંપનીઓએ હોદ્દાઓનું વર્ગીકરણ કર્યું નથી. ૧૮ કંપનીઓએ ભરતીના કાયદાઓ ઘડ્યા નથી. (સમિતિએ જણાવ્યું છે કે "આવાં કાનૂનોની ગેરહાજરીમાં લાગવગશાહી અને સગાવાદના આક્ષેપો થાય એમાં કોઇ આશ્ચર્ય નથી"), ૩૧ કંપનીઓમાં બઢતીના કોઇ કાનૂનો નથી. ("એમ જાણવા મળ્યું છે કે, ઘણી કંપનીઓમાં ઝડપી બઢતીઓ આપવાના કેટલાંક કેસો નોંધાયા છે. એક દાખલામાં તો ૧૯૬૦ના ફેબ્રુઆરીમાં રૂા. ૩૮૦ના માસિક પગારથી નિમાયેલો



જૂનીયર એન્જિનીયર ૧૯૬૩ના એપ્રીલમાં રૂા. ૯૦૦નો પગાર મેળવતો હતો); ૧૭ કંપનીઓએ ૧૯૬૪ના ઔદ્યોગિક નોકરીના (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ) ધારાનો ભંગ કરી કોઇ સ્ટેન્ડીંગ ઓર્ડર ઘડ્યા ન હતા તેમજ મંજૂર કર્યા નહતા. ૨૮ કંપનીઓમાં ફરિયાદ નિવારવાની કોઇ પદ્ધતિ ન હતી; ૧૯ કંપનીઓએ શિસ્તના કાનૂનો ઘડ્યા ન હતાં. સમિતિએ અંતમાં જણાવ્યું હતું કે "મજૂરો અને માલિકોના સંબંધો જાહેર વિભાગની અનેક કંપનીઓમાં સારા નથી અને ભલામણ કરવામાં આવે છે કે કામદાર મંડળોના હોદ્દેદારો તરીકે કામ કરવા માટે કોઇ બહારની વ્યક્તિને છૂટ ન આપવી જોઇએ.

હેવી એન્જિનીયરીંગ કોર્પોરેશનમાંની બાબતો અંગેના શ્રી મુકરજીના હેવાલમાં જણાવાયું હતું કે "મારે કહેવું પડે છે કે નિરીક્ષણ અને અંકુશોનો સંપૂર્ણ અભાવ હતો."

## કેટલીક ખામીઓ નીચે મુજબ હતી :

અધ્યક્ષ સાહસના શ્રેષ્ઠ હિતમાં પોતાના મંડળના સભ્યોને કાર્ય કરાવી શકયા નહીં તેથી આ હકીકતની સાહસના દરેક કાર્યક્ષેત્રમાં અવળી અસર થઇ.

જ્યાં સહકારની ખાસ આવશ્યક્તા હતી, ત્યાં સહકારનો તદ્દન અભાવ હતો. વહીવટીતંત્રનાં કેટલાંક ખાતાંઓમાં લગભગ સંપૂર્ણ અવ્યવસ્થા ઘણાં કારણોને લઇને હતી, તેથી ત્યાં કંઇ પણ બની શકયું હોત એવી પરિસ્થિતિ નિર્માણ થઇ હતી.

સલામતિની વ્યવસ્થા કરુણ રીતે અપૂરતી હતી. ત્યાં પૂરતું સલામતિનું સાવધપણું ન હતું.

સહકારીઓ સરકારી પ્રોત્સાહનને લીધે લગભગ જાહેર વિભાગમાં પલટાઇ ગઇ છે. એટલે તેની કામગીરી ભાવોના માળખા પર અસર

કરે છે. એ દુ:ખની વાત છે કે સ્વર્ગસ્થ શ્રી વૈકુંઠલાલ મહેતા જેવા આજીવન સેવક દ્વારા સંગઠીત કરાયેલી પ્રમાણીક સહકારી ચળવળ, જેનો જાહેર નાણાંના દૂર્વ્યયનો રેકર્ડ મોટો છે એવી રાજ્યોની સત્તાવાળી સહકારીઓ દ્વારા તૂટી પડવાના ભયમાં છે. કેન્દ્રના સહકાર ગ્રામવિકાસ ખાતાના પ્રધાન શ્રી એસ. કે. ડેને જાતે ૧૯૬૪ના જુનમાં કબૂલ કરવું પડયું હતું કે બનાવટી સહકારીઓ અને હિત ધરાવતા લોકો આ ચળવળના વિકાસને રુંધી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે "આજે ભારતમાં બનાવટી સહકારીઓ રાજદ્વારી શરતોથી બંધાયેલી હોઇ ખૂબ જ શક્તિશાળી છે." શ્રી ડેએ કબૂલ કર્યું હતું કે સહકારીઓ દ્વારા અનાજ વેચવાના ક્ષેત્રે "મારૂં માથું શરમથી ઝુકાવવાની મને ફરજ પડી છે." વિવિધ રાજ્યોના હેવાલો તેમની આ કબૂલાતોની સાક્ષી પૂરે છે. નવી દિલ્હીની એક સહકારી સંસ્થાની બાબતો વારંવાર સંસદમાં ઉપસ્થિત થઇ છે કારણ કે ગોળના વેચાણમાં તેનો વાજબી નફો ૨ ટકાનો હોવો જોઇએ તેના સ્થાને તેણે ૩૬ ટકા સુધી નફો કર્યો હોવાનું જણાવાયું છે. પંજાબમાં ૫૦૦૦ એટલે કે કુલ નોંધાયેલી સંસ્થાઓના છઠ્ઠા ભાગની સંસ્થાઓ મરવાના વાંકે જીવી રહી હતી એટલે તાજેતરમાં બંધ કરવી પડી હતી. ઓડીટ હેવાલમાં જણાવાયું હતું કે કાશ્મીરમાં ૧૯૬૨ના માર્ચની ૩૧મીએ ૧૪૦૧ સહકારી મંડળીઓમાંથી ૧૩૯ ખોટમાં ચાલતી હતી અને ૫૫૪ નિષ્ક્રિય હતી. આવી સહકારીઓને પ્રોત્સાહન આપવા જાહેર નાણાંનો ઉપયોગ કરવા અંગેની સરકારી નીતિનું પુનઃ અવલોકન કરવાનો સમય પાકી ગયો છે.

આપણા જેવા લોકશાહી માળખાને રશીયન નમૂનાના સર્વાંગી કેન્દ્રીત આયોજનના લાગુ પડાયેલા બે વધુ મહત્વના મુદ્દાઓ એ નાગરિકોના ખાનગી ઉત્પાદિત સાહસો પરના કડક અંકુશો અને ભારે કરવેરા છે. અનેક અંકુશો અને થોકબંધ વહીવટી નિયંત્રણો વધુ ઉત્પાદનના હેતુને ખતમ કરે છે. અંદાજ સમિતિએ જુબાનીઓ



સાંભળ્યા પછી, જોઇન્ટ-સ્ટોક કંપની દ્વારા ભરવાના સંખ્યાબંધ પત્રકો અને કરવાની અરજીઓની નાબુદીની જોરદાર અપીલ કરી હતી. તેણે એક બીન-સરકારી સંસ્થાનો દાખલો ટાંકયો હતો કે જેને મંત્રી અને ખજાનચીની નિમણુંકની કંપની લો ડીવીઝનની મંજુરી મેળવવા ૯૮ રતલ વજન થાય તેટલો કાગળ અરજીઓ કરવામાં અને વિગતો પૂરી પાડવામાં વાપરવો પડયો હતો. મહારાષ્ટ્રના ઉદ્યોગ પ્રધાન અને પ્રખર વહીવટકાર શ્રી એસ. જી. બર્વેએ જણાવ્યું હતું કે, આપણા કાયદા, પદ્ધતિઓ અને રીતિઓનો સરવાળો એવો છે કે સટ્ટો અથવા વેપારી પ્રવૃત્તિ દ્વારા મળતા લાભની જેમ રોકાણ દ્વારા ઉત્પાદનનો કોઇ બદલો મળતો નથી. તેમણે એમ પણ કબુલ કર્યું હતું કે દેશની આર્થિક પદ્ધતિ ઉત્પાદન કરે તેવા ઔદ્યોગિક સાહસને પુરતા પ્રમાણમાં પ્રોત્સાહન આપતી નથી.

આ સંબંધમાં મેં જે અનેકવાર સ્પષ્ટ કર્યું છે તે-અંકુશોની સામાજીક કિંમતો-આ પ્રસંગોપાત ફરી કહેવું ઉચીત છે. સંતનમ સમિતિનો લાંચરૂશ્વત માટેનો અહેવાલ આ ભયોનું સમર્થન કરે છે. તેમાં જણાવાયું છે કે "હાજર થયેલા બધા લોકોનું સર્વાનુમતે કહેવું હતું કે લાંચરૂશ્વતનું એક મોટું કારણ વહીવટી વિલંબો છે. અમે આ મત સાથે સહમત થઇએ છીએ. કોઇ પ્રકારનો ગેરકાયદેસર બદલો મેળવવા ઘણીવાર વિલંબ જાણી જોઇને કરેલો હોય છે, તેમાં અમને શંકા નથી."

નાણાંકિય સત્તાધીશોની શીરજોરી આર્થિક પ્રગતિ અને ઉત્પાદનની ગતિને અવરોધી રહી છે. એ નાણાની પુરાંત અને માલ અને સેવાઓ વચ્ચે અસમતુલા વધારે છે. ૧૯૬૪ ના વાર્ષિક અહેવાલમાં રીઝર્વ બેંકના ડીરેકટરોએ સ્પષ્ટ કર્યું છે કે "૧૯૬૪-૬૫ ના વધારાના કરવેરા કેન્દ્ર અને રાજયની કરવેરાની આવક રાષ્ટ્રિય આવકના પ્રમાણમાં બીજી યોજનાને અંતે ૯.૬ ટકાથી વધીને ૧૪

થવાની ધારણા છે.” આ વધારાના કરવેરા ખાસ કરીને સમગ્ર વસ્તીના ૧/૨ ટકાથી ઓછી સંખ્યાના કરવેરા ભરનારાઓ કે જેઓ ક્યારના ભારે કરવેરા નીચે લદાયલા છે તેઓ ખમે છે. રીઝર્વ બેંકની તાજેતરની બે મોજણીઓ સ્પષ્ટ પુરવાર કરે છે કે કેવી રીતે વધારાના કરવેરા ઉત્પાદન અને ઉપજને અવરોધે છે. રીઝર્વ બેંકની કેટલીક પ્રતિનિધિત્વ ધરાવતી કંપનીઓની મોજણી મુજબ તેઓનો કરવેરા પહેલાંનો નફો આગલા વર્ષ કરતાં રૂા. ૨૨.૮ કરોડ જેટલો વધ્યો, જ્યારે કરવેરાની જોગવાઇ રૂા. ૧૮.૫ કરોડ જેટલી વધી. પરિણામે વ્યાજમાં ૩.૮ કરોડ રૂપીયા જેટલો ઘટાડો થયો. રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની ૧૦૧૫ નાની ખાનગી કંપનીઓની મોજણી મુજબ ૧૯૬૨–૬૩ના કરવેરા પહેલાં, આગલા વર્ષના રૂા. ૪.૨ કરોડના નફાથી વધી નફો રૂા. ૪.૮ કરોડ જેટલો થયો. જ્યારે કરવેરા પછી નફો રૂા. ૧.૮૫ કરોડમાંથી રૂા. ૧.૫૩ કરોડ જેટલો ઘટયો. એજ પ્રમાણે અનામત રાખેલો નફો રૂા. ૫૦ લાખમાંથી ઘટીને રૂા. ૨૪ લાખ જેટલો થયો. વ્યાજનો દર, જે વ્યાજ અને ભરપાઇ થયેલી મૂડીના પ્રમાણથી દર્શાવાય છે, તેણે ૬.૧ ટકાથી ૫.૭ ટકા સુધી ઘટ બતાવી.”

“વધારાના કેન્દ્રના કરવેરા પંચવર્ષિય યોજનાના લક્ષ્ય (૧૧૦૦ કરોડ) થી વધી યોજનાના સમયને આવરી લઇ ત્રીજી યોજનાના પહેલા ત્રણ વર્ષોમાં ૧૯૦૦ કરોડ રૂપિયા આપશે” એમ અંદાજ કરવામાં આવ્યો છે, આ હકીકત ધ્યાનમાં લઇ કેન્દ્રના નાણા પ્રધાન એલેકઝાંડર ધી ગ્રેટને લશ્કરની તેને અનુસરવાની અનિચ્છા છતાં જ્યારે તે ભારત પરના આક્રમણમાંથી રોકાયો નહી તે વખતે શાણી સલાહ આપવામાં આવી હતીં કે “સાહેબ, બધી બાબતોમાંથી એક બાબત વિશેષ છે કે જે સફળ માનવીએ જાણવી જોઇએ **તે એ કે ક્યારે અટકવું.**



સત્તાવાળાઓએ આયોજીત આર્થિક વિકાસનો વિચાર કર્યો તે પહેલાં ઘણા લાંબા સમયથી હું એ માટે ઉત્સાહ દાખવતો રહ્યો છું, અને મેં વારંવાર કહ્યું છે કે રશિયા જેવું કેન્દ્રીત સર્વાંગી આયોજન ભારતને અનુકૂળ નથી. આ પ્રકારના આઠ વર્ષના આયોજને બાંધી આવકના જૂથમાંના લાખો લોકો માટે દુઃખ ઉભું કર્યું છે. જેના માટે મેં ચેતવણી આપી છે તે ભારતીય આયોજનમાંની એક મહત્વની ખામી વહીવટીતંત્રની બીનકાર્યક્ષમતા અને અધુરૂં કાર્ય છે.

જાહેર વિભાગના સાહસોને લાગેવળગે છે ત્યાં સુધી સ્વભાવ અને તાલીમની દૃષ્ટિએ સરકારી કર્મચારીઓ એ કાર્યક્ષમ રીતે ચલાવવા અનુકૂળ નથી. અંગત જોખમનો અભાવ, રાજદ્વારી દખલગીરી અને નબળો સંસદીય અંકૂશ પરિસ્થિતિ વધુ વણસાવે છે. ભારતી આર્થિક વિકાસમાં સમય એ ખૂબજ મહત્વનો મુદ્દો છે. વહીવટી વિલંબે આ મુદ્દાને વધુ ગંભીર બનાવ્યો છે. મહીસુરના મુખ્ય પ્રધાન શ્રી નીજલીંગપ્પાએ જણાવ્યું છે કે તેમની પાસે આવતી દર ૧૦૦ ફાઇલોમાંથી ૫૦ પ્રત્યે ખાસ ધ્યાન જાય છે કારણ કે તે વિલંબમાં પડેલી હોય છે. એક સરકારી નોકરનું નિવૃત્તિવેતન તેના કુટુંબને ૧૮ વર્ષથી મળ્યું નથી તેનો દાખલો તેમણે ટાંક્યો હતો.

અસાધ્ય વહીવટી વિલંબના થોડાક દાખલાઓ, વ્યાપક આયોજીત અર્થતંત્રમાં વહીવટી તંત્રની સમયસર સેવાઓ આપવાની અશક્તિ બતાવે છે. ૧૯૫૭માં પ્રાથમિક વર્ગના એક વિદ્યાર્થીને પંજાબ શિક્ષણ ખાતા તરફથી મંજુર થયેલી શિષ્યવૃત્તિ ૧૯૬૪ની શરૂઆત સુધી ચૂકવવામાં આવી ન હતી. લગભગ વિદ્યાર્થીના પિતાના સો ઉપરાંત યાદીના પત્રોનો જીલ્લા શિક્ષણ અધિકારી તરફથી છેવટનો જવાબ “દરરોજ પત્ર લખવાનો અર્થ નથી, કારણ કે પ્રકરણ ધ્યાનમાં લેવામાં આવ્યું છે અને તાકીદના નિકાલની શકયતા છે” આ સિવાય કંઈજ અસર ન થઇ. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન

શ્રી ચાગલાએ બહાર પાડ્યું છે કે ૧૯૫૫ માં ૩૦૦ ઓરડાવાળા રૂા. ૮ લાખને ખર્ચે આંતરરાષ્ટ્રિય વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયને બાંધવામાં વિલંબ થતાં છેવટે રૂા. ૯ લાખના ખર્ચે ૧૦૦ ઓરડાવાળું બાંધવામાં આવ્યું. કેરળમાં વિજળી અને હવા ઉજાસની સગવડતાને અભાવે લગભગ ૧ લાખ રૂપિયાને ખર્ચે બંધાયેલું સરકારી અતિથિગૃહ ચાર વર્ષ સુધી વપરાયા વગરનું પડી રહ્યું. મુંબઈ શહેર સુધરાઈના મુખ્ય હિસાબનીશે તાજેતરમાં ફરીયાદ કરી કે એક ખાતાએ ૧૧ વર્ષ સુધી અને દશ ખાતાએ પાંચ વર્ષ ઉપરાંતના ત્રિમાસિક હિસાબ આપ્યા ન હતાં. ઓરિસ્સાની જાહેર હિસાબ સમિતિને આશ્ચર્ય થયું કે ૧૯૪૭–૪૮ ના હિસાબી વાંધાઓનો નિકાલ ૧૪ વર્ષ પછી પણ થયો ન હતો. સમિતિએ નિરિક્ષણ કર્યું કે 'સરકારી ખાતાઓ બાકી રહેલાં કામોનો જલ્દીથી નિકાલ લાવવાના તેઓના પ્રયત્નમાં પ્રમાણિક અને આતુર નથી." નીચેનો અહેવાલ કદાચ આ પરિસ્થિતિનો ઉકેલ આપે છે. કલકત્તાના દૈનિકના એક ખબરપત્રીએ જબલપુરથી હેવાલ આપ્યો કે "જ્યારે નરસીંગપુરના સમાહર્તાએ અચાનક મુલાકાત લઈ અને જોયું કે લગભગ બધાજ કર્મચારીઓ પોતાની ફરજ પરથી દૂર હતા, ત્યારે ચાનવારપથા વિકાસ કચેરીમાં સારી પેઠે હાહાકાર મચી ગયો.

"એમ જણાવાયું છે કે સમાહર્તા શ્રી રાજપુત પાઘડી અને ધોતીયું પહેરીને આવ્યા હતા તેથી તેમને કોઇ ઓળખી શક્યા નહીં અને તેમને સામાન્ય અને સાદા ગામડીયા ગણ્યા. કારકુનો, પટ્ટાવાળાઓ અને બીજા કર્મચારીઓ કામ કરવાની પરવા કર્યા વિના અહિયાં અને ત્યાં ગપ્પા હાંકવામાં મશગુલ હતાં અથવા તો બાજુની ચાની હોટલોમાં હતા, કેટલાક કર્મચારીઓ ઝાડ નીચે પત્તા રમતા જોવામાં આવ્યા હતાં, જ્યારે બીજા નિદ્રાધીન હતા.

વધતા ફૂગાવા દ્વારા આબાદી અને સામાજીક ન્યાયની રાષ્ટ્રિય આકાંક્ષાઓનું ખૂન ન થવા દેવું હોય તો આ તબકકે અર્થતંત્ર



સુધારવાની જરૂર છે. થયેલા અનુભવો જોઇને, વડા પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા કરાયેલાં સુચનો નક્કર આર્થિક બુદ્ધિના છે. તેમણે સાચેજ સ્વીકાર્યું છે કે "ખેતીવાડી વિભાગ ભારતીય વિકાસમાં મહત્વનો છે અને વર્ષો સુધી મહત્વનો રહેશે." એટલે તેમણે ભારે ઉદ્યોગો પરથી બીજે વળાંક લેવાનું સુચવ્યું છે. ખેતીવાડી ઉપરાંત જનતાની મૂળભૂત જરૂરિયાત પૂરી પાડવા વપરાશની ચીજોના ઉદ્યોગો વિકસાવવાની જરૂરિયાતનું પણ સૂચન કર્યું છે. જનતાની જરૂરિયાત મુજબ માલનું ઉત્પાદન કરવાથી અને સેવાઓ ફૂગાવાનું દબાણ ઘટાડશે એટલું જ નહીં પણ ભારતીય આયોજનને હાલની જેમ નોકરશાહી નહીં પણ લોકશાહી બનાવશે. પશ્ચિમ જર્મનીનો અનુભવ આપણા માટે એક પાઠ છે "વાપરનારનો અર્થતંત્ર પર અંકુશ આવ્યો કારણ કે ચલણની સ્થિરતાથી આયોજન મુલ્કી નોકરોના હાથમાંથી જનતાના હાથમાં આવે છે" અને આમ ત્યાં આર્થિક ચમત્કાર થયો છે.

વડા પ્રધાને નવી યોજનાઓનો આરંભ કરતા પહેલાં હાલની યોજનાઓ **સંગઠિત** કરવાનું પણ સુચવ્યું છે. કેટલાક લોકો **સંગઠિત**ના આ વિચારને **થંભાવી** દેવાની વાત સાથે ભેળવી દે છે એટલે એનો થોડો ખુલાસો જરુરી બને છે. કોઇપણ સાહસને ચલાવવામાં સંગઠન એ વાજબી પગલું છે કારણ કે એનો અર્થ રોકેલી ઓછી મૂડીમાંથી વધુ ને વધુ પેદા કરવાનો થાય છે. આપણાં હાલના આર્થિક ચિત્રમાં તે અમલમાં મુકાય તો એનાથી ફૂગાવાનું દબાણ થંભશે અને વિકાસને યોગ્ય માર્ગે ઉત્તેજન અપાશે. નહેર યોજનાઓના આપણા દાખલા લઇએ: ૧૯૫૦ માં જેનો અંદાજ રૂા. ૧ અબજ ૩૨ કરોડ ૯૧ લાખનો કરાયો હતો તે ભાકરા–નાંગલ યોજનાનો ખરો ખર્ચ ૧૯૬૩ ના માર્ચ સુધીનાં રૂા. ૨ અબજ ૨ કરોડ ૯૧ લાખનો થયો હતો. પણ તેની સામે ૧૯૬૧–૬૨ માં આવક માત્ર રૂા. ૪૪ લાખ ૮૮ હજારની હતી જો કે અંદાજ રૂા. ૧ કરોડ ૮૪ લાખ ૫૦ હજારનો હતો. આમ જળસીંચન વિભાગમાં વાર્ષિક રૂા. ૨ કરોડનું

અને વીજળી વિભાગમાં રૂા. ૨ કરોડ ૭૬ લાખનું નુકશાન થયું હતું; રાજસ્થાન નહેર યોજના અધુરી હોવાથી ફીડર નહેરના પંજાબના ભાગમાં પાણી છોડી શકાયું નથી; રૂા. ૮૬ કરોડના ખર્ચવાળી માયસોરની સૌથી મોટી જળસીંચાઇ યોજનાઓ તરફથી ૧૯૬૨–૬૩ સુધી સરકારને કોઇ આવક થઇ ન હતી. દામોદર ખીણ કોર્પોરેશને જણાવ્યું છે કે તેણે તૈયાર કરેલા જળસીંચાઇના સાધનોનો પાણી વહેવડાવવાના માર્ગો અને ખેતરોની નહેરોના અભાવે ઉપયોગ કરી શકાયો નથી; ૧૯૬૪ના ઓકટોબરમાં એક અખબારી હેવાલમાં જણાવાયું હતું કે, "રૂા. ૩ કરોડ ૭૦ લાખથી વધુ રકમે બાંધવામાં આવેલી, દુર્ગાપુર અને હુગલીને જોડતી દામોદર ખીણ કોર્પોરેશનની ૮૦ માઇલ લાંબી નૈકાવહેવાર માટેની નહેર અનેક મહીનાઓ સુધી વપરાશ વગર પડી રહી છે; રૂા. ૮૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી હીરાકુડ યોજનામાં ઓરિસ્સાની સરકારને દર વર્ષે રૂા. ૬૫ લાખનું નુકશાન થઇ રહ્યું છે.

સંગઠ્ઠનનો અર્થ તૈયાર કરાયેલી આ અસકયામતોનો યોગ્ય ઉપયોગ કરવો અને તેમને આર્થિક રીતે નફાકારક બનાવવી તેમ થાય છે. વધુ વિચાર્યા વગરની યોજનાઓ હાથ ધરવાને બદલે હાલની યોજનાઓનું સંગઠ્ઠન કરવાથી આર્થિક પાયો મજબૂત બનશે.

યોજનાના વ્યુહમાં આ ફેરફાર ઉપરાંત, આર્થિક પરિસ્થિતિ માંગી લે છે કે સરકારે તેના મૂળભૂત કાર્યો પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઇએ. મૂળભૂત કાર્યોમાં સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા, આર્થિક પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને મૂળભૂત જરૂરિયાતોની જોગવાઇ જેવી કે કેળવણી, માર્ગો, બંદરો, ટપાલ વહેવાર વગેરે વગેરે. મહારાષ્ટ્રના એક શહેર યેવતમલમાં પીવાના પાણીની કારમી તંગીને પરિણામે એક ડબલું પાણી ૫૦ પૈસે વેચાય છે એવાં સમાચારો વાંચવાનું આપણે માટે નવું નથી. કેળવણીના ખર્ચને લાગેવળગે છે ત્યાં સુધી ભારત વિશ્વમાં ખૂબ જ પછાત દેશ છે, એવી કેન્દ્રના



શિક્ષણ પ્રધાનની જાહેરાત આવી મહત્વની બાબતની ખામીનો ખ્યાલ આપે છે. આર્થિક વિકાસ સામેનો મુખ્ય અવરોધ ટપાલ, ટેલિફોન અને તારની પૂરતી અને કાર્યક્ષમ સેવાઓનો અભાવ છે. ટપાલની ચીજોની તંગીઓના હેવાલો વારંવાર આવ્યા કરે છે. તાજેતરમાં મુંબઇમાં રૂા. ૫૦/– લાખના કારખાનાનું ઉદ્‌ઘાટન કરનાર કેન્દ્રના પ્રધાને કબુલ કર્યું હતું કે એ કારખાનામાં ટેલિફોન નથી એ જાણીને મારૂં માથું શરમથી ઝૂકી ગયું હતું. ૧૯૬૨–૬૩માં, ૨૩ લાખ તારનો કુલ કરાયેલા તારના ૬ ટકા–ટપાલ દ્વારા નિકાલ કરાયો હતો. બંદરોમાંની અપૂરતી સગવડોથી ભારતની અનાજની કટોકટી વધુ ઘેરી બની હતી. ૧૯૬૪ના જુલાઇમાં મુંબઇમાં ઘઉંની ભયંકર તંગી હતી ત્યારે મુંબઇના બંદરમાં ૨ લાખ ૫૦ હજાર ટન ઘઉં લઇને આવેલા બાર જહાજો મધદરિયે પડયાં હતાં. દરમ્યાન સરકાર રોજ રૂા. ૫૦ હજારનું ડેમરેજ કિંમતી વિદેશી હૂંડિયામણમાં ચૂકવી રહી હતી. સામ્યવાદી દેશોમાંના બનાવો, આપણી આર્થિક નીતિમાં ફેરફાર કરવાની આ વિનંતિને વધુ જોરદાર બનાવે છે. દાયકાઓ સુધી કેંદ્રીત સર્વાંગી આયોજનનો અખતરો કર્યા પછી હવે તાજેતરમાં રશિયાએ વધુ અને સારી વપરાશની ચીજો ઉત્પન્ન કરવાના ઉત્તમ માર્ગ તરીકે સુધારેલી મુક્ત સાહસની પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. "પ્રવદા"એ હળવા ઉદ્યોગોમાં કેંદ્રીય આયોજન હળવું કરવાનો અનુરોધ કર્યો છે. તેણે જાહેર કર્યું છે કે "સાહસોને વધુ આઝાદી આપવાનો આ સમય છે એનાથી તેઓ ગ્રાહકોમાં ખ્યાતિ પામેલો ઊંચી જાતનો માલ ઉત્પન્ન કરવામાં આર્થિક રીતે સારો રસ લેશે." સ્ટેલીનવાદી દેશ ગણાતાં સામ્યવાદી ઝેકોસ્લોવકીયા પરના વિયેનાના હેવાલમાં જણાવાયું છે કે એ દેશે આર્થિક સુધારામાં ક્રાન્તિકારી માર્ગ અખત્યાર કરવા માંડયો છે. હેવાલ વધુમાં જણાવે છે કે "ટૂંકમાં સૂચિત આર્થિક પગલાંઓ દ્વારા ઉદ્યોગોની તમામ સપાટીઓ પર કેંદ્રીત આયોજન સંપૂર્ણ રદ કરવાનો અનુરોધ કરાયો છે. જેથી

કરીને જુદી જુદી ફેક્ટરીઓના મેનેજરોને પોતાના ઉત્પાદન અંગેના નિર્ણયો લેવાની છૂટ અપાઇ છે અને આર્થિક રીતે સ્વાવલંબી બનવાની તેમને ફરજ પાડવામાં આવી છે.” સામ્યવાદી પૂર્વ જર્મનીના શ્રી વોલ્ટર ઉલબ્રીચે સામ્યવાદી આર્થિક પદ્ધતિઓનું સ્થાન લેવા પોતાના દેશ માટે આવી જ નવી આર્થિક નીતિનો ખ્યાલ આપ્યો છે. તેમણે કહ્યું છે કે “નવિનતા અને માનવ સંપર્કમાં રસ ગુમાવી બેઠેલા જીવનની અને કામદારોની વાસ્તવિકતાથી છુટાછેડા લઇ બેઠેલા પામર સંકુચિત માનસના સરકારી નોકરોની નેતાઓની જેમ ખૂબ જ ઓછી જરૂર છે કારણ કે નેતાઓ જૂની થઇ ગયેલી ઢબોને વળગી રહે છે અને એ ખ્યાલ કરતાં નથી કે માનવીને જૂની રુઢીના ભૂતકાળના માર્ગે દોરવાનું અશક્ય છે.” તેમની નવી આર્થિક નીતિ વૈજ્ઞાનિક-ટેકનિકલ વિકાસના ધ્યેય ભણી ઉત્પાદકો સામૂહિક અને વ્યક્તિગત કામદારેને પ્રોત્સાહન આપે એવા ભૌતિક રસના સિધ્ધાંત પર ચાલતું આર્થિક ચક્ર સર્જવા માટેની હતી. આ નીતિ હેઠળ નવા ભાવો જુદી જુદી જાતના માલ વચ્ચેનો તફાવત ખુલ્લો પાડશે અને ઉત્પાદકોને ઉત્પાદનનો પોતાનો ખર્ચ કાઢી લીધા પછી નફાથી વેચવાની છૂટ આપશે જેથી કરીને વધુ ઉત્પાદનને પ્રોત્સાહન મળે.

કાર્યક્ષમતાના પગલાં તરીકે **ભૌતિક પ્રોત્સાહનોની** જરૂર અને નફાના હેતુની અનિવાર્યતા, આંતરિક મૂડી રચનાના સાધન તરીકે સાધન સંપત્તિની યોગ્ય ફાળવણી અને એ બધા ઉપરાંત વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહનનો હવે સામ્યવાદી દેશોએ સ્વીકાર કર્યો છે. દાખલા તરીકે “પ્રવદા”એ એવી દલીલ કરી છે કે, “યંત્રો અને ટેકનોલોજી નહીં પણ માનવીઓ ઉત્પાદનનું મુખ્ય બળ છે અને તેઓ વ્યકિતગત જરૂરિયાતો અને અંગત રસથી વંચિત એવા રસ વગરના નથી.

એક અર્થશાસ્ત્રી અને સ્વયંસંચાલનના નિષ્ણાત મી. ટીઆપેઝની-કોવે ૧૯૬૪માં પ્રવદામાં નફાના હેતુ વિષે લખતાં નીચે પ્રમાણે મત આપ્યો છે.



“એક મર્યાદા આર્થિક હિલચાલ પર અસરકારક આર્થિક અસર ઉભી કરવા માટે પસંદ કરવી જરૂરી છે, કે જે સાહસના કાર્યની ઊંચામાં ઊંચી કક્ષાએ ગણના કરે અને વળી રાષ્ટ્રીય અર્થતંત્ર અને સાહસના કર્મચારીઓના હિતોની હારમાં હોય. અમે ધારીએ છીએ કે આ મર્યાદા બીજી જથ્થાબંધી અને ગુણકારી મર્યાદાઓ ઉપરાંત નફાથી પ્રતિત થાય છે.”

સોવિયેટ એકેડેમી ઓફ સાયન્સના સભ્ય મી. લીયોનટીવે વહીવટી પદ્ધતિની જગ્યાએ “યોજના પૂર્વકના વહીવટની આર્થિક પદ્ધતિની (એટલે નફાની બજારી રચના) હિમાયત કરી છે, કે જેનો તેણે ઉત્પાદન, વહેંચણી અને દરેક નખના ઉપયોગ સાથે સંબંધીત તરીકે ઉપહાસ કર્યો છે.

ખેતીવાડી મોરચે પણ, ક્રાંતિકારી ફેરફાર થયા છે. રશિયાના માજી વડાપ્રધાન શ્રી ક્રુશેવે ૧૯૬૪ ના માર્ચમાં જાહેર કર્યું હતું કે “સ્ટાલીનના અવસાન પછી રશિયન ખેતીવાડીની પુનર્રચનામાં રશિયાની નેતાગીરીએ અમેરિકામાં ફાર્મ ચલાવવાની પધ્ધતિમાંથી બહુ ઓછું શિક્ષણ મેળવ્યું છે. “તેમણે “નકકરતા” અને “વેપારી જેવી કાર્યક્ષમતા” માટે અમેરિકી ખેતીની પ્રશંસા કરી હતી. યુક્રેનની સરકારે ૧૯૬૪ ના નવેમ્બરમાં જાહેર કર્યું હતું કે તેણે ખાનગી જમીનો પરની અને ઢોરોની માલીકી પરની મર્યાદા નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે. સામ્યવાદી ચીન જેવા સિધ્ધાંતવાદી દેશે પણ કમ્યુન્સ (સામૂહિક ખેતરો) વિખેરી નાખ્યા હતા અને “આર્થિક પુનર્રચના”ની નીતિ મુજબ ચીનમાંની તરીકે વહેંચવામાં આવી હતી.

સામ્યવાદી દેશોમાંથી મળતા આવા ખાત્રીપૂર્વક પૂરાવા જોતા, ફૂગાવો અટકાવવા અને વિકાસને વેગ આપવા આપણી આયોજનની પધ્ધતિઓ અને આર્થિક નીતિમાં ફેરફારનો સમય પાકી ગયો છે પણ આવો ફેરફાર, આયોજન પંચની રચના, સત્તા અને કાર્યોમાં ફેરફાર કર્યા વગર કરી શકાય નહીં. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ

પબ્લીક એડમીનીસ્ટ્રેશનના શ્રી એચ. કે. પ્રાજપેએ તાજેતરમાં કરેલા અભ્યાસથી રસપ્રદ હકીકતો બહાર આવી છે. ૧૪ વર્ષના તેના અસ્તિત્વમાં પંચના સભ્યપદમાં અનેક ફેરફારો થયા છે અને ૨૪ નિમણુંકો થઇ છે. ૧૯૫૧–૫૨માં કર્મચારીઓની સંખ્યા ૨૪૪ની હતી તે ૧૯૬૩–૬૪માં વધીને ૧૦૨૫ થઇ હતી. પંચ પરનો ખર્ચ ૧૯૫૦–૫૧માં રૂા. ૮,૫૬,૫૩૬ નો હતો જે ૧૯૬૪ના અંદાજપત્રના અંદાજમાં વધીને રૂા. ૬૭,૦૨,૦૦૦ થયો હતો.

રાજદ્વારીઓ અને સરકારી અધિકારીઓના વર્ચસ્વવાળાં આયોજન પંચના કાર્યે અર્થતંત્રની કામગીરીના ખ્યાલના અભાવને ખુલ્લો પાડયો છે. પણ બંધારણીય રીતે ભૂલો માટે અને એને લીધે અર્થતંત્ર પર પડેલાં પ્રત્યાઘાતો માટે કોઇ સભ્યને જવાબદાર ગણી શકાય તેમ નથી. જનતાની ટીકાનો પ્રવાહ જોરદાર બન્યો છે ત્યારે હકીકતમાં તો પંચના માજી સભ્યોને પંચ પર પ્રહારો કરતાં દેશે નીહાળ્યા છે. આમ હાલ જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં આયોજન પંચ આર્થિક વિકાસ માટે નબળું શસ્ત્ર અને લોકશાહી માટે અસંગત બાબત છે કારણ કે તેની પાસે સત્તા છે પણ કોઇને જવાબ આપવાનો રહેતો નથી. પંચની ફ્રાંસના આયોજન પંચની જેમ પુનર્રચના થવી જોઇએ અને તેને માત્ર સલાહકાર મંડળ બનાવવું જોઇએ. આવો ફેરફાર કરાય અને રશિયન પધ્ધતિના "ફરજીયાત આયોજન"ને બદલે ફ્રેંચ પધ્ધતિનું "ઇચ્છા મુજબનું આયોજન" અપનાવાય તો સ્થિરતાની સાથે સંરક્ષણ અને વિકાસના પડકારને ઝીલવા આપણા દેશની વિશાળ અને નહી વપરાતી માનવ અને કુદરતી સંપત્તિ સહેલાઇથી સંગઠીત કરી શકાય. બજારના અનિવાર્ય આર્થિક કાયદાઓની ભૂમિકા પરનું વાસ્તવિક આયોજન અને આર્થિક તેમજ રાજદ્વારી ક્ષેત્રોમાં વ્યકિતગત સ્વાતંત્ર્ય પ્રત્યે માનની લાગણી આર્થિક આબાદી અને સામાજીક ન્યાય ભણી દોરી જાય છે.

## HAVE YOU JOINED THE FORUM ?

The Forum of Free Enterprise is a non-political organisation, started in 1956, to educate public opinion in India on free enferprise and its close relationship with the democratic way of life. The Forum seeks to stimulate public thinking on vital economic problems of the day through booklets and leaflets, meetings, essay competitions, and other means as befit a democratic society.

Membership is open to all who agree with the Manifesto of the Forum. Annual membership fee is Rs. 10/- and Associate Membership fee, Rs. 5/- only. **Bona fide** students can get our booklets and leaflets by becoming Students Associates on payment of Rs. 2/-only.

Write for further particulars (state whether Membership or Student Associateship) to the Secretary, Forum of Free Enterprise, 235, Dr. Dadabhai Naoroji Road, Post Box No. 48-A, Bombay-1.

**DEFENCE AND DEVELOPMENT WITH STABILITY**

By : A. D. Shroff

**Published by M. R. Pai for the Forum of Free Enterprise, 235, Dr. Dadabhai Naoroji Road, Bombay I, and Printed by Shrrnik Syndicate at Forward Printinp Press, 43, Tarnarlnd Lane, Fort, Bombay I.**

3/April/1965

198